# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

૦૨૬૧-૨૬૬૨૯૦૨

suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં.મા-૨/૨૦૨૫/ 15088

તા.30/૧૨/૨૦૨૫
31

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
સુરત, જિ.સુરત

**વિષયઃ-** નામદાર સુપ્રિમ કોર્ટમાં એસ.એલ.પી.૧૩૨૨૪/૨૦૨૪ના ચુકાદા અન્વયે આપના વિભાગ હેઠળ સંચાલિત હોસ્ટેલોમાં અમલવારી કરવા બાબત.

**સંદર્ભઃ-** કમિશનરશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકનં.પરચ/માધ્ય/૨૦૨૫/૧૨૫૦૫-૫૯૯ તા.૨૬/૧૨/૨૦૨૫નો પત્ર અન્વયે.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વિદ્યાર્થીઓના માનશિક સ્વાસ્થ્યને લગત નામદાર સુપ્રિમ કોર્ટમાં એસ.એલ.પી.૧૩૨૨૪/૨૦૨૪ના ચુકાદા અન્વયે ગુજરાત રાજયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્ન અને તેના ઉપરચારાત્મક કાર્ય માટે નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. સામેલ પત્ર મુજબ શાળાઓએ ચૂસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત.જિ.સુરત

બિડાણ :- ઉક્ત પરિપત્રની નકલ

**કમિશનરશ્રી શાળાઓની કચેરી**

**બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર**

ક્રમાંક: પરચ/માધ્ય/૨૦૨૫/ 12886 - 611 તા. 10/12/2025

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ

વિષય: નામદાર સુપ્રિમ કોર્ટમાં એસ.એલ.પી. ૧૩૨૨૪/ ૨૦૨૪ના ચુકાદા અન્વયે આપના વિભાગ હેઠળ સંચાલિત હોસ્ટેલોમાં અમલવારી કરવા બાબત

ઉપર્યુક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે, વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્યને લગત નામદાર સુપ્રિમ કોર્ટમાં એસ.એલ.પી. ૧૩૨૨૪/ ૨૦૨૪ના ચુકાદા અન્વયે ગુજરાત રાજ્યમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વિવિધ પ્રશ્ન અને તેના ઉપરચારાત્મક કાર્ય માટે નેશનલ ટાસ્ક ફોર્સની રચના કરવામાં આવી છે. ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી દ્વારા આપવામાં આવેલ સૂચના મુજબ આપના જિલ્લામાં કાર્યરત શિક્ષણ વિભાગ હસ્તકની હોસ્ટેલ, સંસ્કૃત પાઠશાળા સંલગ્ન હોસ્ટેલ, સંસ્કૃત શક્તિ ગુરુકુળ સંલગ્ન હોસ્ટેલ અને રક્ષાશક્તિ સ્કુલ સંલગ્ન હોસ્ટેલના વિદ્યાર્થીઓ માટે નીચે મુજબની સૂચનાઓ તાત્કાલિક હોસ્ટેલના નોટીસ બોર્ડ પર મૂકવા જણાવવામાં આવે છે.

૧. દરેક હોસ્ટેલના નોટીસ બોર્ડ પર ટેલિ-માનસ નંબર, તમામ ઈમરજન્સી નંબર તેમજ ફ્રી મેન્ટલ હેલ્પ લાઈન નંબર ૧૪૪૧૬ ડીસ્પ્લે કરવાના રહેશે.

૨. હોસ્ટેલમાં ફરજ બજાવતા વોર્ડનને વિદ્યાર્થીઓ સાથે વર્તન કેવા પ્રકારનું વર્તન કરવું ? તે અંગે જો તાલીમ લીધેલ ન હોય તો તાત્કાલિક તાલીમનું આયોજન કરવાનું રહેશે.

૩. દરેક હોસ્ટેલમાં એક વિદ્યાર્થી મિત્રની નિમણૂંક કરવાની રહેશે.

૪. દરેક હોસ્ટેલમાં કાઉન્સેલર/સાયકોલોજીસ્ટની નિમણૂંક કરવાની રહેશે. અને તેઓને વિદ્યાર્થીઓની માનસિક પરિસ્થિતિ બાબતે તાલીમ આપવાની રહેશે.

૫. આપની કક્ષાએથી નક્કી થયેલ રેફરલ હોસ્પિટલના ડૉકટર અને હોસ્પિટલના નંબર પણ હોસ્ટેલના નોટીસ બોર્ડ પર ડિસ્પ્લે કરવાના રહેશે.

૬. આપની કચેરી કક્ષાએ સદર બાબતે નોડલ અધિકારીશ્રીની નિમણુક કરી દર ત્રણ મહિને સદર સંસ્થાઓનું નિરીક્ષણ કરી એકત્રીત કરેલ અહેવાલ ફોટોગ્રાફ્સ સહ વર્ષને અંતે અત્રેની કચેરીએ મોકલી આપવાનો રહેશે.

૭. આ પ્રકારની ઘટનાઓ ન બને તે માટે આપની કચેરી દ્વારા નિયુક્ત કરેલ નોડલ અધિકારીશ્રી દ્વારા સમયાંતરે સદર સંસ્થાઓની મુલાકાત લેવાની રહેશે અને આત્મહત્યાને રોકવા માટે જાગૃતિ આવે તે હેતુથી તમામ શૈક્ષણિક સંસ્થાઓમાં માનસિક આરોગ્ય સેવા, સ્થાનિક આરોગ્ય કેંદ્રો, આત્મહત્યા હેલ્પલાઈન નંબર, જેમાં ટેલી-

માનસ અને અન્ય રાષ્ટ્રીય સેવાઓના વિવિધ નંબરો તથા તેના આખા સરનામા દરેક વિદ્યાર્થી વાંચી શકે તે રીતે છાત્રાલયમાં પ્રદર્શિત કરવાનો રહેશે. તેમજ સદર કાર્યવાહી થાય છે કે કેમ તે જોવાની જવાબદારી નોડલ અધિકારીશ્રીની રહેશે.

૮. તેમજ સદર સંસ્થાઓમાં આત્મહત્યા જેવી કોઇ ઘટના બને તો તેની ત્વરીત જાણકારી અત્રેની કચેરીને કરવાની રહેશે. તેની સંપૂર્ણ જવાબદારી જિલ્લા કચેરીની રહેશે.

નાયબ શિક્ષણ નિયામક,
માધ્યમિક,
ગુ.રા., ગાંધીનગર